RNI No.: GUJGUJ/2014/59295

E mail - prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 327 * Date: 17.09.2025,Wednesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# હિન્દુઓની જમીન શંકાસ્પદ લોકોને વેચી દીધી...' નુપૂર બોરાની ધરપકડ પર હિમંતા બિસ્વા સરમાનો ખુલાસો





આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં અસમ સિવિલ સર્વિસના અધિકારી નુપૂર બોરાની ધરપકડ કરવામાં આવી છે. અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું કે, નુપૂર બોરા પર છેલ્લા છ મહિનાથી નજર રાખવામાં આવી રહી હતી. મુખ્યમંત્રીના જણાવ્યા અનુસાર, તેમણે હિન્દુઓની જમીન કેટલાક શંકાસ્પદ લોકોને વેચી હતી, જેના બદલામાં તેમને મોટી રકમ મળી હતી.

મંગળવારે આ મામલે ગુવાહાટીમાં પત્રકારો સાથે વાત કરતા મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું કે, 'નુપૂર બોરા વિરુદ્ધ જમીન વેચાણ સંબંધિત ફરિયાદો મળી હતી. આ ફરિયાદોના આધારે છેલ્લા છ મહિનાથી તેમના પર નજર રાખવામાં આવી રહી હતી.'અસમ સિવિલ સર્વિસના ૨૦૧૯ બેચના અધિકારી નુપૂર બોરા હાલમાં અનેક ગંભીર આરોપોને કારણે ચર્ચામાં છે. મૂળ અસમના ગોલાઘાટ જિલ્લાના રહેવાસી નુપૂર બોરા કામરૂપ જિલ્લાના ગોરોઈમારી વિસ્તારમાં સર્કલ ઓફિસર તરીકે ફરજ બજાવતા હતા.નુપૂર ની ફેસબુક પ્રોફાઈલ મુજબ તેણે ગુવાહાટી યુનિવર્સિટીમાંથી ઈંગ્લીશ લિટરેચરમાં ડિગ્રી મેળવી છે અને કોટન કોલેજમાં પણ અભ્યાસ કર્યો છે. સિવિલ સર્વિસમાં જોડાતા પહેલા, તે જિલ્લા શિક્ષણ અને તાલીમ સંસ્થામાં લેકચરર તરીકે કામ કરતા હતા.તેણે માર્ચ ૨૦૧૯માં કરબી આંગલોંગમાં આસિસ્ટન્ટ કમિશનર તરીકે પોતાની વહીવટી કારકિર્દીની શરૂઆત કરી અને જૂન ૨૦૨૩ સુધી ત્યાં સેવા આપી. ત્યારબાદ, જૂન ૨૦૨૩માં તેમને બારપેટામાં સર્કલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા અને પછી તેમનું ટ્રાન્સફર કામરૂપમાં કરવામાં આવ્યું.નુપૂર બોરા પર બારપેટામાં ફરજ દરમિયાન ગેરકાયદેસર રીતે કરોડો રૂપિયાની સરકારી અને ધાર્મિક ટ્રસ્ટની જમીનો શંકાસ્પદ લોકોને ટ્રાન્સફર કરવાનો આરોપ છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આમાંની મોટાભાગની જમીનો હિન્દુઓની હતી, જે કથિત રીતે મુસ્લિમોના નામે કરવામાં આવી છે. માત્ર છ વર્ષની નોકરીમાં જ તેમની સંપત્તિમાં અસામાન્ય વધારો થયો હોવાના પણ આરોપો છે.

મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ આ મામલાની તપાસ માટે એક વિશેષ ટીમની રચના કરી છે. ટીમે નુપૂર બોરાના ઘરે દરોડા પાડતા લગભગ ૯૦ લાખ રૂપિયાથી વધુ રોકડ અને લગભગ ૧ કરોડ રૂપિયાનું સોનું મળી આવ્યું છે. આમ, તેમની કુલ સંપત્તિ લગભગ ૨ કરોડ રૂપિયા આંકવામાં આવી રહી છે. હાલમાં, નુપૂર બોરા પોલીસ કસ્ટડીમાં છે.

## ચીનમાં ભારતનો ડંકો: વર્લ્ડ સ્કેટિંગ ચેમ્પિયનશિપમાં ભારતે પહેલીવાર જીત્યો ગોલ્ડ મેડલ

ભારતીય સ્પીડ સ્કેટર આનંદકુમાર વેલકુમારે ચીનમાં બેઈદાઈહેમાં સ્પીડ સ્કેટિંગ વિશ્વ ચેમ્પિયનશિપમાં પહેલો ગોલ્ડ મેડલ મેળવી ઈતિહાસ રચ્યો છે. આ રમતમાં પહેલી વાર રોઈ ભારતીય ખેલાડીએ ગોલ્ડ મેડલ જીતવામાં સફળતા મેળવી છે. ૨૨ વર્ષના આનંદકુમારે પુરુષોની સીનિયર ૧૦૦૦ મીટર સ્પ્રિન્ટ સ્પર્ધામાં ૧:૨૪.૯૨૪ના સમયમાં ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જણાવી દઈએ કે અગાઉ પર આનંદકુમાર વેલકુમારે ૫૦૦ મીટર સ્પ્રિન્ટ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. સ્કેટિંગ સ્પર્ધામાં આ મેડલ ભારતનો પહેલો સીનિયર વિશ્વ ચેમ્પિયનશિપ મેડલ હતો. આ જીત બાદ ભારતે જુનિયર વર્ગમાં પણ જીત હાંસલ કરી છે. જ્યાં કૃષ શર્માએ ૧૦૦૦ મીટર સ્પ્રિન્ટ સ્પર્ધામાં જીત મેળવી હતી. વેલકુમારની જીત ભારત માટે એક નવી સીમાચિહ્નરૂપ છે જેણે વિશ્વ સ્કેટિંગમાં ભારતની પ્રતિષ્ઠાને સતત ઉંચી રાખી છે.



ગુજરાત ના પનોતા પુત્ર પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદી ને જન્મદિવસ ની જન ફરિયાદ, ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પરિવારની શુભકામનાઓ



## તંત્રી લેખ...

# એઆઈ દેશની જીડીપીમાં ૫૦૦થી ૬૦૦ અબજ ડોલરનો ઉછાળો લાવશે

નવી દિલ્હી : નીતિ આયોગના રિપોર્ટ મુજબ એઆઈ ૨૦૩૫ સુધીમાં ભારતની જીડીપીમાં ૫૦૦થી ૬૦૦ અબજ ડોલરનો ઉછાળો લાવી શકે છે. તેની સાથે એઆઈ અનેક નોકરીઓનું સર્જન પણ કરી શકે છે. આ બધુ દેશના બધા જ ઉદ્યોગો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કેટલી ઝડપથી અને કેટલા અસરકારક રીતે અપનાવે તેના પર નિર્ભર છે. ઉલ્લેખનીય છે કે એઆઈને લઈને કેટલાય ભયસ્થાનો બતાવવામાં આવી રહ્યા છે.આ સંજોગોમાં નીતિ આયોગના રિપોર્ટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું અલગ જ ચિત્ર રજૂ કર્યું છે. નીતિ આયોગના રિપોર્ટ વિકસિત ભારત માટે એઆઈમાં ઝડપી આર્થિક વૃદ્ધિના અવસર અંગે જણાવવામાં આવ્યું છે કે આગામી દાયકામાં એઆઈનો વ્યાપક ઉપયોગ વૈશ્વિક અર્થતંત્રમાં ૧૭ લાખ કરોડ ડોલરથી લઈને ૨૬ લાખ કરોડ ડોલરનો ફાળો આપી શકે છે.નાણાપ્રધાન નિર્મલા સીતારામને જણાવ્યું હતું કે ટેકનોલોજીકલ ઈનોવેશન્સની સાથે-સાથે તેના નિયંત્રણો પણ તેટલી જ ઝડપથી વૃદ્ધિ પામે તે જરુરી છે. તેમા પણ ખાસ કરીને એઆઈ ટેકનોલોજી પરનું નિયંત્રણ સામાન્ય લોકોના હિતને ધ્યાનમાં રાકીને કરાય તે જરૂરી છે. નિયંત્રણોએ પણ અત્યાધુનિક સંશોધનો સાથે તાલમેળ મિલાવવાની જરૂર છે. આપણને તેવા કોઈ નિયંત્રણોની જરૂર નથી, જે આખી ટેકનોલોજીને જ સાફ કરી નાખે. તેના બદલે આપણે ટેકનોલોજીના દુરુપયોગને નિયંત્રિત કરતા નિયંત્રણોની જરૂર છે. અહેવાલ મુજબ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત જેવા ક્ષેત્રોમાં કર્મચારીઓની મોટી સંખ્યામાં હાજરી, ઝડપથી થતાં સંશોધન અને મજબૂત ડિજિટલ ક્ષમતા ભારતના પરિવર્તનમાં મહત્ત્વની હિસ્સેદાર બની શકે છે.

# લ્યુકેમિયા - ૦૯ ડૉક્ટર ઈશાન સાથે હોસ્પિટલમાં અમાર




સિતારા જે કહી રહી હતી એ ક્યાંક ને ક્યાંક હું પણ એ જ ઈચ્છતો હતો. ડૉક્ટર ઈશાન અમારા બંનેની તકલીફ સમજી શકતા હતા. અમને જોઈને તે બોલ્યા,

"તમારા બંનેની હાલત હું બરાબર સમજી શકું છું. કોઈક અજાણ્યાના ભરોસે પોતાના દીકરાને છોડીને જવું ઘણું મુશ્કેલ હોય છે પણ તમે બંને શાંતિથી ઘરે જાઓ, અમાર મારો પણ દીકરો છે. હું એક પિતાની જેમ એનું ધ્યાન રાખીશ અને પછી તમારા ઘરે ડ્રોપ કરી દઈશ."

ડૉક્ટર ઈશાને દરિયાદિલી દેખાડી પણ મારું કે સિતારાનું દિલ આજે માને એમ નહોતું. અમારને આ હાલતમાં અને તેની આટલી ભયંકર બીમારી વિશે જાણીને અમારું હૃદય માની રહ્યું નહોતું. હું અને સિતારા બંને ચૂપ હતાં. ખૂબ આશા ભરી નજરે હું ડૉક્ટર ઈશાન તરફ જોઈ રહ્યો હતો. એમણે મને આંખોથી બ્લીંક કરીને વિશ્વાસ અપાવ્યો અને મેં હિંમત કરીને કહ્યું,

"છેલ્લા ૧૨ વર્ષમાં અમાર બાબતે માત્ર સિતારા ઉપર મેં વિશ્વાસ કર્યો છે અને સિતારા બાદ હવે આપ પર વિશ્વાસ કરી રહ્યો છું. ડૉક્ટર ઈશાન મારા વિશ્વાસનું માન રાખજો..."

હું આગળ કંઈ બોલી ન શક્યો. મેં ડૉક્ટર ઈશાનને આલિંગનમાં ભરી દીધા. એક હાથે સિતારાનો હાથ પકડેલ હતો. ડૉક્ટર ઈશાન બોલ્યા, "તમારે બંનેએ આરામ કરવાની જરૂર છે. અમાર હવે મારી જવાબદારી છે. આપ નિશ્ચિત થઈને ઘરે જઈ શકો છો."

સિતારા ઘરે આવવા તૈયાર નહોતી. તે બોલી, "શિવ, આપ ઘરે જઈને આરામ કરો. હું મારા દીકરા પાસે રોકાઈશ. ડૉક્ટર ઈશાન મને અને અમારને ઘરે છોડી દેશે. તમે શાંતિથી જાઓ."

ડૉક્ટર ઈશાન વધારે કંઈ બોલ્યા વગર તેમની ચેર ઉપર જઈને બેસી ગયા. મેં સિતારાનો હાથ મજબૂત રીતે પકડ્યો અને તેને લઈને કેબિનની બહાર જવા લાગ્યો. જતાં જતાં ડૉક્ટર ઈશાનને કહ્યું,

"હું સિતારાને લઈને ઘરે જઈ રહ્યો છું. મારા હૃદયનો એક ટુકડો તમારા ભરોસે છોડીને જઈ રહ્યો છું. એનું ધ્યાન રાખજો."

"આપ નિશ્ચિત થઈને જાઓ. તમારો હૃદયનો ટુકડો હવે મારી આ બધું જોઈ રહી હતી ને બોલી, "ડૉક્ટર ઈશાન, થોડા કલાકો પહેલાં મને તમારી પર જરા પણ વિશ્વાસ નહોતો. અત્યારે જે રીતે તમે અમારને એકદમ સુરક્ષિત લઈ આવ્યા છો! એ જોઈને મારો તમારી પરનો અવિશ્વાસ તમારી પર વિશ્વાસમાં ફેરવાયો છે. તમને જોઈને લાગે છે કે મારા દીકરાને તમે જ ઠીક કરી શકો છો."

ક્રમશ....

# જીએસટીના સ્લેબમાં મહત્વના સુધારા અંગે રાષ્ટ્રીય પ્રવકતાશ્રી ડો. ગુરુપ્રકાશ પાસવાને પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રેસ કોન્ફરન્સ થકી મહત્વની જાણકારી આપી

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શનમાં કેન્દ્રિય નાણામંત્રીશ્રી નિર્મલા સિતારમણજીએ જીએસટીમા જરૂરી ફેરફાર કર્યા છે. જીએસટીના નવા સ્લેબ ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવનાર છે. જીએસટીના મહત્વના સુધારા અંગે રાષ્ટ્રીય પ્રવકતાશ્રી ડો.ગુરુપ્રકાશ પાસવાનએ આજ રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રેસ કોન્ફરન્સ થકી વિસ્તૃત જાણકારી આપી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશના ઉપાધ્યક્ષ તેમજ પ્રદેશની જીએસટી ટીમના પ્રમુખશ્રી ડો.ભરતભાઇ બોઘરા,પ્રદેશના સહ પ્રવકતાશ્રી અશ્વિનભાઇ બેંકર ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પાસવાનજીએ પ્રેસ કોન્ફરન્સને સંબોધતા જણાવ્યું કે, આદરણીય વડાપ્રઘાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની સરકારે જે જે વચનો દેશની જનતા સમક્ષ કર્યા હતા તે તમામ વચનો પુર્ણ કર્યા છે. આદરણીય વડાપ્રધાનશ્રી મોદી સાહેબના માર્ગદર્શનમા જીએસટીના રિફોર્મ ને લઇ મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે જે બદલ આદરણીય વડાપ્રધાનશ્રી મોદીજી, કેન્દ્રની સરકારનો ઐતિહાસિક નિર્ણય બદલ આભાર વ્યકત કર્યો. જીએસટીના રિફોર્મ સૌથી મોટુ આર્થિક સુધારો છે.વિરોઘ પક્ષ દેશની અર્થવ્યવસ્થાને લઇ વારંવાર સવાલો કરી રહ્યુ છે પરંતુ ગ્લોબલ એજન્સી, આઇએમએફ તેમજ વર્લ્ડ બેંક પણ માની રહ્યુ છે કે વિશ્વમાં કોઇ હોટસ્પોટ જ્યાથી આશા અને ઉર્જા દેખાઇ રહી છે તે ભારત છે. ભારત ઈકોનોમિક માટે ગુરુત્વકર્ષણ કેન્દ્ર બની રહ્યુ છે આ વાતનો આજે વિશ્વ સ્વિકાર કરી રહ્યુ છે. આપણા વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારત ઝડપથી વિશ્વના દેશની ત્રીજી આર્થિક વ્યવસ્થા બનવા જઇ રહ્યુ છે.

શ્રી પાસવાનજીએ જીએસટીના મદ્દે વિગતવાર માહિતી આપતા જણાવ્યું કે, પહેલા ૩૫ જેટલા જુદા જુદા ટેક્સ વસુલવમાં આવતો હતો જે પછી ૨૦૧૭મા ભાજપ સરકાર દ્વારા વન નેશન વન ટેક્સને દેશભરમા લાગુ કરવામાં આવ્યું.એમએસએમઇને મજબૂત કરવા માટે જીએસટી લાવવાનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જીએસટીના રિફોર્મ અંગે પાંચ મહત્વના મુદ્દ્ જણાવ્યા જેમા એક, ટેક્સ સિસ્ટમ સરળ બની બીજુ, ભારતના નાગરિકોની ક્વોલીટી ઓફ લાઇફ છે, પંડિત દિન દયાળ ઉપાધ્યાયજીના અંત્યોદયના સંકલ્પ પુરો કરતુ જીએસટીનું રિફોર્મ છે. ત્રીજુ, કન્ઝમપ્શન અને ગ્રોથને બુસ્ટ કરવું .ચોથુ, ઈસ ઓફ ડુઇંગ બીઝનેસ અને રોજગારીને બળ મળશે, પાંચમુ રાજયો અને કેન્દ્રની ભાગીદારી ને વધુ મજબૂત થશે. કોંગ્રેસની સરકારમા પ્લાનીગ કમિશનમા રાજયોને મહત્વ આપવામા નહોતુ આવતું, પરંતુ ભાજપ સરકારે જીએસટીના માધ્યમથી નક્કી કર્યુ કે આવનવાર પાંચ વર્ષોમા કોઇ કમી રહેશે તો કમ્પોસેશનના માધ્યમથી લાભ આપવામાં આવશે.

શ્રી પાસવાનજીએ વધુમાં જણાવ્યું કે, જીએસટીનુ રિફોર્મ ડો.બાબા સાહેબ આંબેડકર અને પંડિત દિન દયાળ ઉપાધ્યાયજીના સંકલ્પને સાકાર કરનારુ છે. મધ્યવર્ગના પરિવાર માટે હેલ્થ અને લાઇફ ઈન્સોરયન્સ પર ટેક્ટસને દુર કરવામાં આવ્યા છે. કોંગ્રેસની સરકારમાં સિમેન્ટ પર ૨૯ ટકા ટેક્સ લાગતો તેમજ એસી,પંખા,ટીવી પર ૩૦ થી લઇ ૩૧ ટકા ટેક્સ લાગતો હતો. કોંગ્રેસની સરકારમા જનતા ટેક્સના ભારથી પરેશાન હતી.



જીએટસટી રિફોર્મ કરતા ટ્રાન્સફોર્મેશન છે. વડાપ્રધાનશ્રી હમેંશા કહે છે કે રિફોર્મ,પરફોર્મ, ટ્રન્સફોર્મ જેમા ટ્રન્સફોર્મ ૨૨ મી સપ્ટેમ્બરે જોવા મળશે.આજે દેશ જીએસટીના રિફોર્મનુ સ્વાગત કરી રહ્યુ છે. મોંઘવારીના દર ઘટાડો થયો છે, વિકાસદર ૭.૮ ટકાનો રહ્યો છે. કોંગ્રેસના નેતાઓ રાજનીતી કરી રહ્યા છે અને જીએસટી સંદર્ભે દેશની જનતાને ભ્રમીત કરી રહ્યા છે. વિપક્ષના લોકો બ્રેકિંગ ઈન્ડિયા ફોર્સ ને સમર્થન આપે છે કે તે સૌ જાણે છે. વન નેશન વન ટેકસ અર્થ જીએસટીના રિફોર્મ મૌલિક આઘાર છે જે વિકસીત ભારતનુ આઘાર સ્તંભ બની રહેશે. વિકસીત ભારતના સંકલ્પને સાકાર કરવામા જીએસટીમા આવેલો બદલાવ મહત્વનુ કામ કરશે. જીએસટીના રિફોર્મથી દરેક ક્ષેત્રમા અસર પડવાની છે. મોદી મેજીક સાથે મોદી મહેનત પણ છે જેનો આપણે સ્વીકાર કરવો પડશે. બહિરામા પણ જીએસટી રિફોર્મને લઇ ઉત્સાહનો માહોલ છે.

# બોટાદના પ્રકૃતિ ઉપાસક ગ્રીન મેન સી.એલ.ભીકડીયા અને ચિત્રકૂટ બીજ બેંક ના દિગ્વિજય સિંહ ચુડાસમા ને પ્રકૃતિ મિત્ર એવોર્ડ - ૨૦૨૫ અર્પણ




બોટાદ ના પ્રકૃતિ ઉપાસક અને બોટાદ મુક્તિધામ (સ્મશાન ભૂમિ) ના પ્રણેતા અને શ્રી ધન્વંતરિ ઔષધીય ઉપવન , રાશિ વન નું નિર્માણ કરનાર અને બોટાદ વિસ્તાર માં વૃક્ષારોપણ , જલ સંચય અભિયાન અને પર્યાવરણ સંરક્ષક તરીકે ઉમદા કાર્યવાહી કરનાર ગ્રીન મેન સી.એલ.ભીકડીયા અને વિવિધ વૃક્ષો , લતા ,છોડ ના બીજ એકઠા કરી ચિત્રકૂટ બીજ બેંક દ્વારા ગુજરાત માં ફ્રી બીજ વિતરણ કરનાર દિગ્વિજય સિંહ ચુડાસમા (અભણ શિક્ષક ) ને પ્રકૃતિ મિત્ર એવોર્ડ - ૨૦૨૫ શ્રી કિશનચંદ ટેકચંદ પરિવાર (ખેડબ્રહ્મા ) પ્રેરિત અને શ્રી રિહેન મહેતા વિદ્યાલય - માંકડી અને પ્રકૃતિ મિત્ર ગ્રુપ - ગુજરાત આયોજિત કાર્યક્રમ તા.૧૫/૯/૨૫ ના રોજ ગાયત્રી તીર્થ , અંબાજી ખાતે મહાનુભાવો ના વરદ હસ્તે આપી સન્માનિત કરેલ.આ સમારોહ માં ગુજરાત ભર ના પ્રકૃતિ મિત્રો નું સન્માન કરવામાં આવેલ.

સી.એલ.ભીકડીયા ને આંતરરાષ્ટ્રીય સેવા સંસ્થા જાયન્ટ્સ વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા વૃક્ષા રોપણ / પર્યાવરણ ની ઉત્તમ કામગીરી સબબ એવોર્ડ અને જાયન્ટ્સ ફેડરેશન ૩/ ભ (ગુજરાત ) દ્વારા ગ્રીન મેન નો એવોર્ડ અર્પણ કરવામાં આવેલ.તેમજ ગ્રીન ગ્લોબલ બ્રિગેડ ગુજરાત રાજય દ્વારા પ્રકૃતિ સંરક્ષક એવોર્ડ - ૨૦૨૩ મહા મહીમ ગવર્નર (ઉત્તર પ્રદેશ) શ્રીમંતી આનંદીબહેન પટેલ ના વરદ હસ્તે આપવામાં આવેલ. આમ સી.એલ.ભીકડીયા ને વધુ એક પર્યાવરણ ક્ષેત્રે એવોર્ડ મળતા બોટાદ જાયન્ટસ સંસ્થા , વતન ઉગામેડી અને બોટાદ જીલ્લા નું ગૌરવ વધારેલ છે.

# જામનગર શહેરમાંથી પોણા બે લાખની કિંમતના ચોરાઉ કોપર વાયર અને રીક્ષા સાથે તસ્કર બેલડી ઝડપાઈ

જામનગરની સ્થાનિક ગુન્હા શોધક શાખા દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું, જે દરમિયાન રૂપિયા પોણા બે લાખની કિંમતના વાયર તથા ઓટો રીક્ષા સાથે બે શખ્સો ઝડપાયા છે, જેઓની ઘનિષ્ટ પૂછપરછ ચલાવાઇ રહી છે.

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ શહેરમાં જીણવટ ભરી તપાસ કરી રહી હતી, અને કેટલાક શકમંદને ચેક કરી રહી હતી, જે દરમિયાન જી.જે ૧૦ ટી.ડબ્લ્યુ ૬૨૦૬ નંબરની એક રીક્ષા પસાર થતાં તેને અટકાવીને રીક્ષાની તલાસી લીધી હતી. જે રીક્ષાની અંદરથી કોપર વાયર મળી આવ્યા હતા. જે અંગે રીક્ષા ચાલક તથા અંદર બેઠેલા બંનેની પૂછપરછ કરતાં તેના બીલ આધાર વગેરે રજૂ કરી શક્યા ન હતા, અને તે વાયરનો જથ્થો ચોરાઉ હોવાનું પોલીસ દ્વારા



અનુમાન કરાયું હતું. આથી એલસીબીની ટુકડીએ રૂપિયા ૧.૭૪ લાખની કિંમતનો ૪૩૫ મીટર કોપર વાયરનો જથ્થો અને રૂપિયા બે લાખની કિંમતની રીક્ષા સહિત રૂપિયા ૩.૭૫ લાખની માલમતા કબજે કરી લેવામાં આવી છે.જ્યારે રીક્ષાની અંદર બેઠેલા જામનગર નજીક હાઉસિંગ બોર્ડ કોલોનીમાં રહેતા રણછોડ લખુભાઈ સાડમીયા અને હિંમત અલુભાઈ સાડમિયાની અટક કરી લઇ બંનેની વધુ પૂછપરછ કરવા માટે પંચકોશી એ. ડિવિઝન પોલીસ મથકમાં સુપ્રત કરી દેવામાં આવ્યા છે.

# રાજકોટના સોની બજારમાં રૂ.૧ કરોડનું સોનું લઈને કારીગર રફુચક્કર, ૩ મહિના પછી ફરિયાદ

રાજકોટના સોની બજારમાં આવેલી શ્રી હરિ ઓનર્મિન્ટ પેઢીમાંથી બંગાળી કારીગર ૧ કરોડ રૂપિયાના સોનું ચોરી કરીને ફરાર થયો હતો. હાલ આ મામલે પેઢીના માલિકે એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. આશ્ચર્યની વાત એ છે કે, ત્રણ મહિના પહેલા બનેલી ચોરીની ઘટના અંગે વેપારીએ હવે ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, રાજકોટના સોની બજારમાં આવેલી શ્રી હરિ ઓનર્મિન્ટ પેઢીમાં આરોપી સફીકુલ શેખ નામનો બંગાળી કારીગર શ્રીહરિ ઓનર્મિન્ટ પેઢીમાં દાગીના બનાવવાનું કામ કરતો હતો. સોની વેપારી તરુણ પાટડિયાએ સફીકુલ શેખને ૧૮ કેરેટનું કુલ ૧૩૪૯.૩૩૦ ગ્રામ સોનું દાગીના બનાવવા માટે આપ્યું હતું. ૨૭મી મે ૨૦૨૫ના રોજ આ સોનું લઈને આરોપી કારીગર રફુચક્કર થઈ ગયો હતો.



ઉલ્લેખનીય છે કે,આ ઘટના આજથી ત્રણેક મહિના પહેલા બની હતી, પરંતુ વેપારીએ ફરિયાદ હવે છે ક નોંધાવી છે. જેના કારણે પણ અનેક તારક વિતર્ક થઈ રહ્યા છે. ફરિયાદ મોડી કરવાના કારણ વિશે એક વેપારીએ જણાવ્યું કે, ‘વેપારીઓ પોલીસથી ડરે છે કે તેઓ હેરાન કરશે, તેથી તરત ફરિયાદ નોંધાવતા નથી.‘

હાલ આ સમગ્ર મામલો પોલીસે તપાસ શરૂ કરી છે. સોની બજારની આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસવાનું શરૂ કર્યું છે, તેમજ લાગતા વળગતાઓની પૂછપરછ કરી આરોપીને ઝડપી લેવા કવાયત હાથ ધરાઈ છે. પોલીસે વેપારીઓને અપીલ કરી છે કે તેઓ અજાણ્યા કારીગરોને કામ પર રાખતા પહેલા તેના ઓળખપત્રોની ચકાસણી કરે અને પોલીસને જાણ કરે તે જરૂરી છે.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-
### આયોજક : પ્રદીપ રાવલ




ર્દ્ર જીજી ર્દ્ર:૧૫૩
વિષય:"આચારવિચાર "
શીર્ષક:"જિંદગી ની આચારસંહિતા "
પ્રકાર:ગધ્ય. શબ્દો:૩૧૭.

સંબંધ ત્રણ પ્રકાર નાં હોય છે.**(1)ONLY GIVE,(2)ONLY TAKE, AND(3) GIVE & TAKE.**પહેલાં પ્રકાર **ONLY GIVE** માં આવે છે લોહી નાં સંબંધ- માં, ફોઈ, બહેન અને દિકરી. તે કાંઈક આપવાં માં જ માને છે, લેવાં માં નહીં. બીજાં પ્રકાર **ONLY TAKE** માં આવે છે કે જે દરેક નાં કુટુંબ,મિત્રો,અને સંબંધી દીઠ અલગ-અલગ હોય છે. અને ત્રીજાં પ્રકાર માં આવે છે-**GIVE AND TAKE WHICH MAY BE 50:50,67:33 OR 33:67 DIFFER FROM PERSON TO PERSON.** તેનો આધાર તેઓનાં આચાર-વિચાર અને સ્વભાવ પર છે.આ બધાં નો રેશીયો જોઈ ને સમાજ માં તમારે નક્કી કરવાં નું છે કે તમારે કોની સાથે કેવો અને કેટલો વ્યવહાર રાખવો જોઈએ.

જિંદગી મારે એવી જીવવી છે કે તમે તમારાં આચાર-વિચાર પ્રમાણે જીવો તેમાં હું તમને કાંઈ નડું નહીં. સામે હું પણ એવું ઈચ્છું કે હું મારાં આચાર-વિચાર પ્રમાણે જિંદગી જીવું તેમાં તમે મને નડો નહીં. આચાર-વિચાર મા-બાપ નાં લોહી નાં સંસ્કાર, ગુરુઓ એ આપેલ જ્ઞાન માંથી તમે કેટલું જીવન માં ઉતાર્યું તે અને તમે કેવાં લોકો સાથે સંકળાયેલ અને વિંટળાયેલ છો તેનું ટોટલ છે. સફળતાં નાં પગથીયાં એક પછી એક ચડવાં માં હું માનું છું જેથી હું પડું નહીં. અને ધ્યાન રાખવાં છતાં પણ જો હું પડી જાઉં તો હું રડું નહીં. મારી સાથે સંકળાયેલ અને વિંટળાયેલ લોકો ને હું તાજાં-માજાં રાખવાં માંગું છું,આશા રાખો કે હું સડું નહીં. મારાં પછી ની પેઢી ની હું બધી જ જરુરિયાત અને શોખ પુરાં કરી શકું તે માટે બિઝનેશ માં હું એવો ખોવાઈ જવાં માગું છું કે હું કોઈ ને જડું નહીં. પ્રેમ થી જીવવી છે જિંદગી,પ્રભું મને એવું સાંસારિક વાતાવરણ આપ કે હું કોઈ ને લડું નહીં.

સમાજ માં તમારી વેલ્યુ નો આધાર તમારાં સ્વભાવ,આચાર-વિચાર, દુનીયા ને તમે પૈસા નાં ત્રાજવે તોલો છો કે લાગણી નાં ત્રાજવે તોલો છો તેનાં પર રહેલો છે.

જીતેન્દ્ર શાહ "સુકાન્ત "(અમદાવાદ)

★★★★★★★

**NOG SS NO 167**
વિષય:-"આચારવિચાર"
શિર્ષક:- "શું! કહું?"
પ્રકાર :-પદ્ય....શબ્દો:-૮૬"

શું! કહું?, તમારે મને, લાગણી ઉછીની આપવી પડશે,
વધારે નહીં, એકજ કાતળી, ઉછીની આપવી પડશે.

હતાં ત્યાં, ઝાંઝવાનાં જળ, માની બેઠો કંઈક મળશે,
બધાં ખાલી હતાં, માગણી, ઉછીની આપવી પડશે.

ભલે આ જિંદગીનાં, સ્વાદના રસ ચાંખવા, દોડયો,
સપ્ત સૂરોની, આ વાંસળી, ઉછીની આપવી પડશે.

અમાપ આ તેજને,પાઠર્યું ભલે,આકાશમાં,જગતમાં,
વધારે નહીં, જરા રોશની, ઉછીની આપવી પડશે.

ધરા તરસી, આ નભ ખાલી, વહેતો વાયુ પણ મંદ છે,
આ અગ્નિના તાપમાં, વાદળી, ઉછીની આપવી પડશે.

નરેન્દ્ર ત્રિવેદી.(ભાવનગર)

★★★★★★★

**NOG SS NO- 195**
વિષય: આચારવિચાર
શીર્ષક: જુદા જુદા આચાર
પ્રકાર: પદ્ય અછાંદસ
શબ્દો: ૭૫

આ જિંદગી બીજું કશુંજ નથી બસ ભાર છે,
કોઈ સંબંધમાં તો કોઈ પ્રબંધમાં લાચાર છે.

કોઈ ઘરમાં રહે તો કોઈક ઉમ્બરા બહાર છે,
જંગ છે જીવનનાં ને જુદા જુદા આચાર છે.

નથી કશુંજ તોય ક્યાંક નખરાં અપાર છે,
સઘળુ છે સંસારમાં તોય કેવોક સદાચાર છે.

બે ટંકની છે રોટી લમણે લંગોટી લગાર છે,
નિરંતર નારાયણને ભજે તોય નિરાહાર છે.

માધવ પાસે શું માગુ, માગણી લગાતાર છે,
"અમૃત" આનંદ અહીં અંતરની આરપાર છે.

અમૃત શ્રીમાળી
મહેસાણા

★★★★★★★

**NOG SS NO 224**
વિષય :-આચારવિચાર
શીર્ષક :-એ દિવસો
પ્રકાર :-પધ - શબ્દ :-૧૧૦

જે કહેવું એ જ કરવું, એ સાચા આચારવિચાર;
બોલ્યા પછી ના ફરવું એ સાચા આચારવિચાર.

વડવાઓ ને પિતૃઓનું સરળ જીવન યાદ કરો,
સવારની દીવાબત્તી, એ સાચા આચારવિચાર.

પૈસાની ખેંચ ને અછતનો હતો એમનો જમાનો,
છતાં મદદ કરવાની, એ સાચા આચારવિચાર.

લીંપણવાળા ઘરોમાં તહેવારોમાં ઝળહળ દીવા,
સાદું, તેજોમય જીવન; એ સાચા આચારવિચાર.

નાત ભેગી થતાં બોલાચાલી થાય, ઉગ્રતા વ્યાપે;
અંતે સૌ ટાઢા હેમ, એ સાચા આચારવિચાર.

ખેતરના શેઢે, તળાવની પાળે, દુકાનની પાછળ;
એ દિવસોની નિર્દોષ મસ્તી, એ સાચા આચારવિચાર.

આજે ડીજીટલ દુનિયા, ભૌતિક અંતર ને અંતરાય;
'પ્રીતાર્ષ' સમા લાગણીશીલ સૌ શોધે, એ સાચા આચારવિચાર.

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

★★★★★★★

**NOG SS NO 166**
વિષય :- આચાર વિચાર
શિર્ષક :- સારા વિચારોનું આચરણ"
પ્રકાર :- પદ્ય શબ્દો:-૭૦

ખરાબ વિચારોનાં આચરણથી,
હમેશા મન વ્યથિત થઈ જાય છે,
સારા વિચારોને અમલમાં મુકીને,
જીવનમાં સફળતા પ્રાપ્ત થાય છે.

સારા વિચારો માનવ જીવનમાં,
દુશ્મનોને પણ પીગળાવી જાય છે,
મલિન વિચારો માનવ જીવનને,
હમેશા પાયમાલ બનાવી જાય છે.

સમજી વિચારીને કરેલ કાર્યોથી,
ખુશીની વસંત લહેરાઈ જાય છે,
ખરાબ વિચારોના આચરણથી,
જીવન કલંકિત બની જાય છે.

વિચારોની માયાજાળ માનવીને,
ગમગીનીમાં ઊંડે ડૂબાડી જાય છે
વિચારીને કરેલી મહેનતથી "મુરલી",
જીંદગીનો ખેલ જીતી શકાય છે.

રચના:-ધનજીભાઈ ગઢીયા "મુરલી" (જુનાગઢ)

★★★★★★★★

**NOGSS NO:158**
વિષય: આચારવિચાર
શીર્ષક: સારું કરવું કામ
પ્રકાર:પદ્ય શબ્દો:૧૦૦

આચારવિચાર સારો સારું કરવું કામ,
જીવનમાં આશિષ તે પામે સુખ આરામ!

સદા સુખી રહે તે સંકટ ટળે વિયોગ,
માતપિતા ગુરુને ભજતાં ટળે ભવરોગ!

સુખનો વરસાદ વરસે જો હોય સદ્ વિચાર,
મટે મનની વ્યાકુળતા મળે શાંતિ ભરપૂર!

નહીં હોય આચારવિચાર બુદ્ધિ નહીં રહે પાસ,
કામ કાજ બગડે બધાં ન કરે કોઈ વિશ્વાસ!

આચારવિચાર ના હોય સારો સંગ કદી ના થાય,
દુઃખ મળે પરિવારને માણસો દુઃખી થાય!

'પ્રેમ' સમભાવ રાખો મન બની જાય સંત,
કામ ક્રોધ મદ લોભનો થઈ જાય પછી અંત!

શ્રી પાલજીભાઈ વી રાઠોડ 'પ્રેમ' આદરીયાણા (સુરેન્દ્રનગર)

★★★★★★★

**NOG SS NO:- 364**
વિષય:- આચારવિચાર
શીર્ષક:- "જાગો જવાનો"
પ્રકાર:- પદ્ય શબ્દો:- ૯૫

જાગો જવાનો, સહુ માતૃભૂમિનું જતન કરીએ,
આઝાદ થયેલાં આ શ્રેષ્ઠ રાષ્ટ્રને રતન કરીએ.

શ્રેષ્ઠ આચારવિચારોથી ભારતભૂમિને મહેકાવીએ,
નિકૃષ્ટ કાર્યોથી આ દેશનું કદી ના પતન કરીએ.

આઝાદીની સાથો સાથ આબાદીયે લાવીએ,
ચાલો, સાથે મળીને વિશ્વમાં પૂજનીય વતન કરીએ.

સનાતન સંસ્કૃતિનો સૌનો આ મહાન દેશ છે,
લાંછન લાગી જાયે એવું કદી ના નર્તન કરીએ.

સભ્યતાની સંસ્કૃતિથી જગતમાં પૂજાયા છીએ,
અત્ર તત્ર સર્વત્ર આપણે શોભનીય વર્તન કરીએ.

"તેન ત્યક્તેન ભુંજીથા:"- નો તો આપણો મુદ્રાલેખ છે,
સર્વસ્વ ત્યાગીને માતા કાજે તર્પણ કરીએ.

જન્મ મળ્યો આ પાવન માટીમાં આપણા સદ્ભાગ્યે,
"પંકજ"- માતૃભૂમિનું ઋણ ચૂકવવા સમર્પણ કરીએ.

મનસુખલાલ એચ.મકવાણા, પંકજ જરીવાલા, ઉપલેટા

★★★★★★★

**NOGSS :-168**
વિષય:-આચાર વિચાર
શીર્ષક:- આચારનિષ્ઠા
પ્રકાર:- ગદ્ય સંખ્યા:-૨૩૪

આચાર વિચાર નો અર્થ થાય છે મનુષ્યનાં ચરિત્ર આચરણ વ્યવહાર અને એ સાથે સંકળાયેલ એનાં વિચાર - જે મળીને વ્યક્તિનાં નૈતિકતાનું નિર્માણ કરે છે. આમાં સાચા અને ખોટા સિદ્ધાંત પર કામ કરવું એ વિચારો પર આધારિત હોય છે.

આચાર- વ્યક્તિનાં સાચાં કર્મોનાં વ્યવહાર અને કર્મ પ્રણાલીને સાબિત કરે છે. મતલબ કે વ્યક્તિ જાતે શું પસંદગી કરી શકે છે. અને એ કાર્યને બદલી પણ શકે છે.

વિચાર - વ્યક્તિનાં મનની પ્રથમ એક પ્રક્રિયા છે. આમાં વ્યક્તિને રાઈટ અને રોંગ લેવાની સુવિધા સામેલ છે. વ્યક્તિનું જેવું આચરણ હશે તે વિચાર, કર્મ અને શબ્દોમાં દેખાઈ આવશે.

માણસની ઉન્નતી કે અધોગતિ એનાં વિચાર ઉપર આધારિત છે. જે વ્યક્તિ પોતાનાં જીવન વિકાસ નિર્માણ કાર્યમાં કોઈનો આધાર લીધા વિના સ્વયં પ્રગતિ કરે છે એ જ વ્યક્તિ એનાં જીવન વ્યવહારમાં નિખાર લાવી લોકો ઉપર પોતાનો વિશ્વાસ સ્થાપિત કરી શકે છે.આચાર નિષ્ઠા જ માણસને મહાન બનાવે છે.

અને આચાર વિચાર બંને સાથે મળી નૈતિક વ્યવહાર અને નિયમની એક સૂચિ બનાવે છે. અને ક્યારે વ્યક્તિના વિચાર એનાં કર્મો સાથે મેળ ખાય છે તો તે વ્યક્તિને સારી વ્યક્તિ કહેવામાં આવે છે.

માણસની ઉન્નતી કે અધોગતિ એનાં વિચાર પર આધારિત છે . જે વ્યક્તિ પોતાનાં જીવન નિર્માણ કાર્યના વિકાસમાં બીજાનો આધાર નહીં લીધા વગર સ્વયં નિર્ણય લઈ શકતો હોય છે એ જ વ્યક્તિ એનાં જીવન વ્યવહારમાં નિખાર લાવી શકે છે.

' આપણા આચાર વિચાર જ આપણી મોટી પૂંજી છે. એ ઉત્તમ પુંજીને સ્વાર્થમાં કલંક ન લગાવીએ . પવિત્ર આચરણ નાં બી વાવી સન્માનિત થવાના પાત્ર બનીએ '

ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'
આધ્યાત્મિક લેખક
અમદાવાદ

★★★★★★★

**NOG SS NO : 003**
વિષય : આચાર વિચાર
શિર્ષક? : વ્યક્તિત્વની સાચી ઓળખ
પ્રકાર? : ગદ્ય
શબ્દો : ૧૬૮

માનવજીવનને મહાન બનાવવા માટે આચાર-વિચારનું સ્થાન અતિ મહત્વનું છે. આચાર એટલે રોજિંદી વર્તનમાં આવતી નૈતિકતા અને વિચાર એટલે માનસિક દિશા. બંને સાથે મળે ત્યારે જીવન સુગંધિત બગીચા જેવું ખીલી ઉઠે છે.

સારો આચાર માણસને સમાજમાં માન અપાવે છે, તો શુદ્ધ વિચાર તેને અંતરાત્માના સ્તરે શાંતિ પ્રદાન કરે છે. વિચારશક્તિ જો નિર્મળ અને સત્ય પર આધારિત હોય તો એના પરથી ઉપજતા આચારમાં સૌજન્ય, કરુણા, સત્યનિષ્ઠા અને સહિષ્ણુતા ઝળકતી જોવા મળે છે. બીજી તરફ, વિચારોમાં દુષ્ટિ અથવા સ્વાર્થ ઘૂસી જાય તો આચાર પણ બગડી જાય છે અને જીવનનું સૌંદર્ય વિખેરાઈ જાય છે.

સંસ્કારી સમાજની રચના માટે જરૂરી છે કે વ્યક્તિ પોતાના વિચારમાં સ્વચ્છતા લાવે અને પોતાના આચારને સંયમ તથા પરોપકારના ધોરણે ઘડે. જેમ વિચારો તેમ આચાર. તેથી માણસે પહેલા વિચારશ્રેણીને ઉન્નત બનાવવી જોઈએ.

સારો આચાર અને ઉન્નત વિચાર એ માનવજીવનના બે પાંખ છે. બંનેનું સમતુલ્ય સંચાલન જ માણસને સાચા અર્થમાં મહાન બનાવે છે.

મીનાક્ષી રાવલ " સત્ય ની આંખે "

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૭૫ વર્ષ: વાઈબ્રન્ટ ગુજરાત પર એક નજર જ્યાંથી ઔદ્યોગિક પરિવર્તનનો નવો દોર શરૂ થયો

ગાંધીનગર, ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ : આવતીકાલે ૧૭ સપ્ટમ્બર ૨૦૨૫ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૭૫ વર્ષ પૂર્ણ કરશે. આ પ્રસંગે તેમના વિઝનરી આઇડીયાથી દેશના વિકાસમાં જે પરિવર્તનકારી યુગ શરૂ થયો તેના પર નજર કરવી જરૂરી છે. તેમણે વિકાસનો જે વારસો આપ્યો છે, તેમાં એક મહત્વપૂર્ણ અધ્યાય વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ છે જેની શરૂઆતમાં ૨૦૦૩માં થઇ હતી જ્યારે તેઓ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે કાર્યરત હતા. આજે આ સમિટ ઔદ્યોગિક પુનરુત્થાન, ગ્લોબલ ડિપ્લોમેસી અને એક વ્યૂહાત્મક આયોજનનું પ્રતીક બની ગઇ છે.

૨૦૦૦ના દાયકાની શરૂઆતમાં, ગુજરાત આર્થિક અને માળખાગત પડકારોનો સામનો કરી રહ્યું હતું. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તેની સામે એક સાહસિક પ્રતિભાવ આપ્યો. તેમનું વિઝન હતું એક એવા વૈશ્વિક પ્લેટફોર્મનું નિર્માણ કરવાનું જે વિશ્વભરમાંથી રોકાણોને આકર્ષે અને ગુજરાતની ક્ષમતાનું પ્રદર્શન કરે. વાઈબ્રન્ટ ગુજરાતની કલ્પના એક ઔપચારિક સમિટ તરીકે નહીં, પરંતુ ઔદ્યોગિક વિકાસ અને આંતરરાષ્ટ્રીય જોડાણ માટેના વ્યૂહાત્મક એન્જિન તરીકે કરવામાં આવી હતી.

**પરિવર્તનના ૨૨ વર્ષ**

છેલ્લા ૨૨ વર્ષોમાં, આ સમિટે તેની પ્રતિષ્ઠામાં ઉત્તરોતર વધારો કર્યો છે અને અત્યારે તે વિશ્વના સૌથી પ્રભાવશાળી આર્થિક મંચોની યાદીમાં સામેલ થઇ છે. ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્ર પર તેની વ્યાપક અસર થઇ છે:

★ ઉત્પાદનમાં ઉછાળો: ૨૦૦૮ બાદ સાણંદમાં ટાટા મોટર્સના આગમનથી ઓટો અને એન્જિનિયરિંગ રોકાણોનો દોર શરૂ થયો, જેના કારણે ગુજરાત ઓટો અને મેન્યુફેક્ચરિંગ પાવરહાઉસ બન્યું.

★ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ: રિફાઇનરીઓ, ન્દ્રગ્ ટર્મિનલ્સ અને નવીનીકરણીય ઊર્જા પાર્કમાં મોટા રોકાણો સાથે, ગુજરાત ઊર્જા ક્ષેત્રે ભારતમાં મહત્વપૂર્ણ કેન્દ્ર બન્યું.

★ ટેક્સટાઈલ અને અપેરેલ: સુરત અને અમદાવાદમાં નોંધપાત્ર વિકાસ થયો અને આ શહેરો વૈશ્વિક સોર્સિંગ હબ બન્યા.

★ ફાર્માસ્યુટિકલ્સ: ગુજરાત હવે ભારતના ફાર્મા ઉત્પાદનમાં મોટો હિસ્સો ધરાવે છે, ઝાયડસ અને ટોરેન્ટ જેવી કંપનીઓ વૈશ્વિક સ્તરે વિસ્તરી રહી છે.

★ ટેકનોલોજી અને નવીનતા : તાજેતરની સમિટોમાં ઇન્ડસ્ટ્રી ૪.૦, છૈં અને સેમિકન્ડક્ટર્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેના લીધે સ્ટાર્ટઅપ્સ અને ટેક્નોલોજી ક્ષેત્રની મોટી કંપનીઓને રસ પડી રહ્યો છે.

**વૈશ્વિક માન્યતા**

શરૂઆતથી જ, વાઈબ્રન્ટ ગુજરાત એક વૈશ્વિક પ્લેટફોર્મ બની ગયું છે. ૨૦૨૪નું સંસ્કરણ અમૃતકાલમાં આયોજિત પ્રથમ સંસ્કરણ હતું જેમાં ૧૦૦થી વધુ દેશોએ ભાગ લીધો હતો. આ દરમિયાન ફુડ પ્રોસેસિંગ, નવીનીકરણીય ઊર્જા, બંદરોની માળખાગત સુવિધાઓ સહિતના ક્ષેત્રોમાં મુખ્ય દેશો સાથે મહત્વપૂર્ણ કરારો થયા હતા. માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ મિત્ર (વિકાસ માટે વૈશ્વિક ભાગીદાર) તરીકે ભારતની ભૂમિકા પર ફરીથી ભાર મૂક્યો અને ૨૦૪૭ સુધીમા વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં મજબૂતીથી આગળ વધવાનું આહ્વાન કર્યું. વાઈબ્રન્ટ ગુજરાત પહેલનું એક સ્પષ્ટ પરિણામ એ છે કે રાજ્યભરમાં રોજગારીમાં નોંધપાત્ર વધારો થયો છે. ૨૦૦૩થી ૨૦૨૪ સુધી, દરેક સમિટ રોજગારીનું સર્જન કરવા કેન્દ્રિત હતી, જેના કારણે કૃષિ, એન્જિનિયરિંગ, ઓટો મેન્યુફેક્ચરિંગ, કાપડ, શિક્ષણ, એગ્રો પ્રોસેસિંગ અને પ્રવાસન જેવા ક્ષેત્રોમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન થયું છે. આ સમિટ દ્વારા તમામ ૩૩ જિલ્લાઓમાં રોજગારીનું સર્જન થાય તેનું ધ્યાન રાખવામાં આવ્યું હતું. આ રોકાણો વ્યૂહાત્મક રીતે અલગ અલગ પ્રદેશોમાં લાવવામાં આવ્યા હતા જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે રોજગારી માત્ર શહેરો સુધી જ મર્યાદિત ન રહે પરંતુ સેમી અર્બન અને ગ્રામ્ય વિસ્તારો સુધી પણ પહોંચે. રાષ્ટ્રીય રોજગાર સૂચકાંકોમાં ગુજરાતે સતત ટોપ રેન્ક જાળવી રાખી છે જે દર્શાવે છે કે આ સમિટે સમાવિષ્ટ અને કૌશલ્ય-આધારિત વિકાસને પ્રોત્સાહન આપ્યું છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ૭૫ વર્ષના થઈ રહ્યા છે, ત્યારે આ સમય પ્રતીકાત્મક છે. ગુજરાત પણ વર્ષ ૨૦૩૫ માટે પોતાના ૭૫મા વર્ષની તૈયારીઓ કરી રહ્યું છે, જેમાં ઉદ્યોગ, કૃષિ, શિક્ષણ અને રમત-ગમત ક્ષેત્ર માટેનો ૧૦ વર્ષનો રોડમેપ છે. માનનીય વડાપ્રધાનશ્રીએ તેમની તાજેતરની ગુજરાત મુલાકાત દરમિયાન શહેરી વિકાસ વર્ષ ૨૦૨૫ની જાહેરાત કરી હતી, જે સમાવેશી શહેરી વિકાસ માટેની બ્લૂપ્રિન્ટ છે. તેમનો વારસો તેમની ભૂતકાળની સિદ્ધિઓમાં જ નહીં, તેમના સાતત્યપૂર્ણ વિઝનમાં પણ રહેલો છે.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની પહોંચ અને અસરકારકતાને રાજ્યના દરેક ખૂણે પહોંચાડવાના ઉદ્દેશથી ગુજરાત સરકારે આ વર્ષે રાજ્યભરમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સીસનું આયોજન કર્યું છે. આ કોન્ફરન્સીસ પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપવા, સેક્ટર-સ્પેસિફિક રોકાણો આકર્ષિત કરવા અને વૈશ્વિક જોડાણને વધુ ગાઢ બનાવવા માટે આયોજિત કરવામાં આવી રહી છે. દરેક રિજનલ કોન્ફરન્સ, પ્રાદેશિક સિદ્ધિઓ અને સફળતાની ગાથાઓ પ્રદર્શિત કરવા, નવી નીતિગત પહેલો અને રોકાણોની તકોની જાહેરાત કરવા, નવીનીકરણ અને વ્યૂહાત્મક ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને સમાવેશી વિકાસને વેગ આપવાના ઉદ્દેશથી સ્થાનિક અર્થતંત્રોને સશક્ત બનાવવા માટે એક ગતિશીલ પ્લેટફોર્મની ભૂમિકા ભજવશે. ઉત્તર ગુજરાત માટેની રિજનલ કોન્ફરન્સ ૯ અને ૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ મહેસાણા ખાતે યોજાશે.




जीवेत शरदः शतम्

સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

17મી સપ્ટેમ્બરથી

# સ્વચ્છોત્સવ અને સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ



## સ્વચ્છોત્સવ 2025

**17 સપ્ટેમ્બરથી 31મી ઓક્ટોબર** સુધી રાજ્યવ્યાપી સફાઇ અભિયાન

**ધાર્મિક** અને **પ્રવાસન સ્થળોની સફાઇ**

શહેરના તમામ **બાગ-બગીચાઓ, ફૂટપાથ અને ધોરીમાર્ગોની સફાઇ**

તમામ **રહેણાંક, વાણિજ્ય અને સ્લમ વિસ્તારોની સફાઇ**

શહેરના તમામ **જી.વી.પી. (ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ્સ)** અને **સી.ટી.યુ. (ક્લિનલિનેસ ટાર્ગેટ યુનિટ)**ની સફાઇ

**સફાઇમિત્ર સુરક્ષા શિબિરનું** આયોજન

ભાગીદારી થકી **સ્વચ્છતાને પ્રોત્સાહન**



## સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

**ગુજરાતમાં તા. 17 સપ્ટેમ્બર થી 02 ઓક્ટોબર 2025 સુધી** સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન ઉજવાશે

**17 સપ્ટેમ્બર થી 16 ઓક્ટોબર સુધી** 8મા પોષણ માહની ઉજવણી

**સહી પોષણ, દેશ રોશનના** મંત્ર સાથે રાજ્યવ્યાપી કાર્યક્રમ

17 સપ્ટેમ્બરે **અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત 600 સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું** પણ આયોજન

**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી** મધ્યપ્રદેશથી કરાવશે સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ

**મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણ** આધારિત કાર્યક્રમોનું રાજ્યવ્યાપી આયોજન

જે પૈકી **10,849 સ્પેશિયાલિસ્ટ કેમ્પ** અને **1,30,188 સ્ક્રીનિંગ કેમ્પ** દ્વારા નાગરિકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ અપાશે

રાજ્યમાં અંદાજે કુલ **1.41 લાખ કરતાં વધુ** હેલ્થ કેમ્પનું આયોજન

# સ્વચ્છતા અને નારી સશક્તિકરણ તરફ
## ગુજરાતની મક્કમ ગતિ




Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.